જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૭/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૫ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૯,૫૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૫૧/૨૦૨૫**

વટવાઃ હિતેષભાઇ મણીલાલ વાઘેલા (રહે. વાલ્કીમીવાસ જગદીશનગરનાં કાચા છાપરાં હરેકૃષ્ણ સોસાયટીની બાજુમાં પુનિત પાર્ટી પ્લોટ સામે વટવા) એ તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૫ કલાક ૧૧/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૪,૧૬,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ઝાલા ચલાવે છે.

દાણીલીમડાઃ આશીમ અસગરઅલી અન્સારી (રહે. અલમિનાઝ રો–હાઉસ સુલેમાની મસ્જીદ સામે બેરલ માર્કેટ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૧૨/૦૭/૨૦૨૫ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૨,૫૦૦/– મળી કુલ રૂપિયા ૭,૩૨,૫૦૦/–મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૫૨/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ પ્રણવકુમાર કીરીટકુમાર ભાવસાર (ઉ.વ.૪૫) (રહે. આશીર્વાદ એવેન્યુ હરી દર્શન ક્રોસ રોડ નવા નરોડા) નાઓને તા.૧૧/૦૭/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા કલાસાગર મોલ કેન્ડેલા રેસ્ટોરન્ટ ખાતે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદિપસિંહ સુરાજી રાવ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૯૫૩/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ કાનજીભાઇ દેવજીભાઇ પરમાર (ઉ.વ.૭૧) (રહે. આર આર શુકલાની ચાલી હસ્તમિલાપ પાર્ટી પ્લોટની બાજુમાં જુના વાડજ) નાઓ સોલા સિવિલ હોસ્પિટલના છઠ્ઠા માળે એમ.આઇ.સી.યુ.વોર્ડમાં સારવાર હેઠળ હોય તા.૧૧/૦૭/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ભૂલથી હોસ્પિટલના ડકના દરવાજાને બાથરૂમ સમજી બાથરૂમ જવા જતાં છઠ્ઠા માળથી પડી જતાં ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદિપસિંહ સુરાજી રાવ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૫૪/૨૦૨૫**

સાબરમતીઃ ઉપાસના ડો/ઓ સિદ્ધાર્થ આચાર્ય (ઉ.વ.૨૭) (રહે. સિગ્નેચર સેલેસ્ટ્રીયા ત્રાગડ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર ભગવાન રાવ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ અનિતાકુમારી નિગમકુમાર કુશવાહ (ઉ.વ.૨૫) (રહે. વિનોબાભાવેનગર વિંઝોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી આર.પી.દંતાણી ચલાવે છે.

રામોલઃ સંજય સવજીભાઇ પરમાર (ઉ.વ.૩૭) (રહે. સદગુરુ સોસાયટી સ્વામિનારાયણ મંદીર રોડ બજરંગ પાર્લરની બાજુમાં જામફળવાડી રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી